


**પત્રાંક – ૨૧૨**

મુંબઈ, માહ વદ ૧૯૪૭

**સત્‌ને નમોનમઃ**

વાંછા–ઇચ્છાના અર્થ તરીકે ‘કામ’ શબ્દ વપરાય છે, તેમ જ પંચેન્દ્રિય વિષયના અર્થ તરીકે પણ વપરાય છે.

‘અનન્ય’ એટલે જેના જેવો બીજો નહીં, સર્વોત્કૃષ્ટ. અનન્ય ભક્તિભાવ એટલે જેના જેવો બીજો નહીં એવો ભક્તિપૂર્વક ઉત્કૃષ્ટ ભાવ.

મુમુક્ષુ વૈ. યોગમાર્ગના સારા પરિચયી છે, એમ જાણું છું. સદ્‌વૃત્તિવાળા જોગ્ય જીવ છે. જે ‘પદ’નો તમે સાક્ષાત્કાર પૂછ્યો, તે તેમને હજુ થયો નથી.

પૂર્વકાળમાં ઉત્તર દિશામાં વિચરવા વિષેનું તેમના મુખથી શ્રવણ કર્યું. તો તે વિષે હાલ તો કંઈ લખી શકાય તેમ નથી. જોકે તેમણે તમને મિથ્યા કહ્યું નથી, એટલું જણાવી શકું છું.

જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે, એવી સજીવનમૂર્તિનો પૂર્વકાળમાં જીવને જોગ ઘણી વાર થઈ ગયો છે; પણ તેનું ઓળખાણ થયું નથી; જીવે ઓળખાણ કરવા પ્રયત્ન ક્વચિત્ કર્યું પણ હશે; તથાપિ જીવને વિષે ગ્રહી રાખેલી સિદ્ધિયોગાદિ, રિદ્ધિયોગાદિ અને બીજી તેવી કામનાઓથી પોતાની દૃષ્ટિ મલિન હતી; દૃષ્ટિ જો મલિન હોય તો તેવી સત્‌મૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે, જેથી ઓળખાણ પડતું નથી; અને જ્યારે ઓળખાણ પડે છે, ત્યારે જીવને કોઈ અપૂર્વ સ્નેહ આવે છે, તે એવો કે તે મૂર્તિના વિયોગે ઘડી એક આયુષ્ય ભોગવવું તે પણ તેને વિટંબના લાગે છે, અર્થાત્ તેના વિયોગે તે ઉદાસીનભાવે તેમાં જ વૃત્તિ રાખીને જીવે છે; બીજા પદાર્થોના સંયોગ અને મૃત્યુ એ બન્ને એને સમાન થઈ ગયાં હોય છે. આવી દશા જ્યારે આવે છે, ત્યારે જીવને માર્ગ બહુ નિકટ હોય છે એમ જાણવું. એવી દશા આવવામાં માયાની સંગતિ બહુ વિટંબનામય છે; પણ એ જ દશા આણવી એવો જેનો નિશ્ચય દૃઢ છે તેને ઘણું કરીને થોડા વખતમાં તે દશા પ્રાપ્ત થાય છે.

તમે બધાએ હાલ તો એક પ્રકારનું અમને બંધન કરવા માંડ્યું છે, તે માટે અમારે શું કરવું તે કાંઈ સૂઝતું નથી. ‘સજીવનમૂર્તિ’થી માર્ગ મળે એવો ઉપદેશ કરતાં પોતે પોતાને બંધન કર્યું છે; કે જે ઉપદેશનો લક્ષ તમે અમારા ઉપર જ માંડ્યો. અમે તો સજીવનમૂર્તિના દાસ છીએ, ચરણરજ છીએ. અમારી એવી અલૌકિક દશા પણ ક્યાં છે ? કે જે દશામાં કેવળ અસંગતા જ વર્તે છે. અમારો ઉપાધિયોગ તો તમે પ્રત્યક્ષ દેખો તેવો છે.

આ બે છેલ્લી વાત તો તમારા બધાને માટે મેં લખી છે, અમને હવે ઓછું બંધન થાય તેમ કરવા બધાને વિનંતી છે. બીજું એક એ જણાવવાનું છે કે તમે અમારે માટે કંઈ હવે કોઈને કહેશો નહીં. ઉદયકાળ તમે જાણો છો.

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૬૬, વર્ષ–૨૪, ફેબ્રુઆરી–૨૦૨૦

## અષાઢ વદ ૩, મંગળવાર, તા.૫–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૭૨, પ્રવચન–૨૬


'પુણ્યકર્મ સોનાની બેડી છે.' ૭૨. પુણ્યભાવ સોનાની બેડી છે. સુવર્ણ.. સુવર્ણ. પાપ લોઢાની બેડી છે, પુણ્ય સોનાની બેડી છે, બન્ને બેડી છે. સોનાની બેડી તો અંદર કાયમ સલવાયને રહે. લોઢાની બેડી તો કેદમાં હોય તો ત્યાં સુધી રહે. આ તો કાયમ હોંશથી આમ ને આમ રાખે. દાગીના ને પગમાં એ બધી બેડી છે કે શું? હેં? હોંશથી પહેરે, હોંશથી. દેખાડે, જુઓ! પાંચ હજારનો હાર છે. સોનાનો હાર છે, કડું છે. કડામાં અહીંયાં સોનાનું મોઢું છે, સિંહના મોઢામાં હીરા ટાંક્યા છે, હીરા લગાવ્યા છે. એ તો બેડી પહેરીને ખુશ થાય છે. લોઢાની બેડી પહેરે તો આ નહિ, આ નહિ. આ તો કહે છે, પુણ્ય સોનાની બેડી છે. એ માનતો નથી. બેડીમાં, પુણ્યના બંધનમાં આવી જાય છે. આત્મા તો ભગવાન પુણ્ય-પાપથી રહિત છે તેની તેને ખબર નથી.

**जह लोहम्मिय णियड बुह, तह सुण्णम्मिय जाणि।**
**जे सुह असुह परिच्चयहि, ते वि हवंति हु णाणि।।७२।।**

'હે પંડિત!' '**बुह**' આચાર્ય મહારાજ 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત વનવાસી છે. વનવાસી દિગંબર સંત કહે છે, હે પંડિત જીવ! હે જીવ પંડિત! એમ કહીને બોલાવ્યા છે. પંડિત તો એને કહે છે કે... સમજાણું? **'જેવી લોઢાની બેડી છે તેવી જ સોનાની બેડી છે એમ...'** જાણ, તો તું પંડિત છો, વિવેકી છો, ત્યારે તું જીવ છો. સમજાણું કાંઈ? પાપના ભાવ લોઢાની બેડી છે, પુણ્યનો ભાવ સોનાની બેડી છે. બન્નેનું બંધન છે. એ જીવસ્વરૂપ નથી. જીવસ્વરૂપને માનનારા ધર્મીને કહે છે, હે ધર્મી! હે પંડિત! હે જીવસ્વરૂપી આત્મા! તને તો પુણ્યભાવ અને પાપભાવ બન્ને બંધનમાં સરખા છે. સમજાણું કાંઈ?

**'જે શુભ અશુભ બન્નેય પ્રકારના ભાવોનો ત્યાગ કરે છે...'** પહેલા એમ કહ્યું કે, એમ જાણ. સમજણમાં લે છે કે, પુણ્ય અને પાપ બન્ને બંધના કારણ છે. મારો આત્મસ્વભાવ જ શુદ્ધ આનંદનું કારણ, મુક્તિનું કારણ છે. પછી છોડી દે, શુભાશુભભાવ છોડ અને શુદ્ધભાવમાં આવી જા. ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ આત્માથી તો ભરેલો છે, તેમાં આવી જા. શુભભાવને છોડી દે. '**परिच्चयहि**' કીધું ને? '**ते वि हवंति हु णाणि**' તેને જ્ઞાની કહેવામાં આવે છે. કહો, દૃષ્ટિમાં બન્નેને છોડે તો જ્ઞાની કહેવાય છે. પુણ્ય ઠીક છે અને પાપ અઠીક

છે, એમ જ્યાં સુધી માને ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ભારે વાત, પુણ્ય વાત આકરી ભારે. એક તો પૈસા ને આબરૂ ને શરીર ઠીક (હોય તો) એવું મીઠું લાગે...! ઝેર મીઠું લાગે છે. બાયડી, છોકરા ને પૈસા, કુટુંબ.. ઓ..હો..હો...! હજીરા-મકાન, મકાન. દુનિયામાં ઠાઠ તો પુણ્યનો છે ને! દુનિયામાં ઠાઠ તો પુણ્યનો જ હોય ને!



ધર્મીનો ઠાઠ તો અંદર આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર કરવા એ ધર્મનો ઠાઠ છે. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે ભગવાન! તારી ચીજમાં તો આનંદ અને શુદ્ધતા પડી છે ને! એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રરમણતા કરવી તે જ તારો ઠાઠ છે, આ બધી ઠાઠડી છે. ઠાઠની થઈ ગઈ ઠાઠડી. સમજાણું કાંઈ? આ ઠાઠડી મગજમાં આવી તો 'ગુણવંત' યાદ આવ્યો. કહો, સમજાણું આમાં?

કહે છે કે, શુભ-અશુભભાવનો ત્યાગ. આહાહા..! શરીર તો જડ, કર્મ જડ એ તો જ્ઞેય (છે), જ્ઞાનનો વિષય (છે). પુણ્ય-પાપના ભાવ એ પણ ખરેખર પોતાની ચૈતન્યજાતિથી ભિન્ન અચેતન છે. પુણ્ય-પાપના ભાવમાં ચૈતન્યના તેજ—નૂરનો તેમાં અભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન પરમેશ્વર તીર્થંકર ફરમાવે છે, અરે...! ધર્મી! તને જો આત્માનો સ્વભાવ પ્રીતિ અને રુચિકર થયો છે તો પુણ્ય-પાપને દૃષ્ટિમાંથી છોડી દે. પુણ્ય હિતકર છે અને પાપ અહિતકર છે એમ છોડી દે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પુણ્ય અને પાપકર્મ બન્નેય બંધન છે. પુણ્યને સોનાની તથા પાપને લોઢાની બેડી કહી શકાય છે. બન્નેય કર્મ સંસાર વાસમાં રોકનારા છે.'** સમજાણું? **'જ્યારે બન્ને બેડીઓનું વિઘટન થાય છે...'** તોડવું થાય છે, એમ જોઈએ. **'ત્યારે જ આ જીવ સ્વાધીન મોક્ષસુખ પામે છે.'** પુણ્ય અને પાપનું બેયનું વિઘટન એટલે એક જ થઈને તૂટી જાય, એકલો ભગવાનઆત્મા શુદ્ધ રહે ત્યારે સ્વાધીન થઈને આત્માની મુક્તિ થાય છે. **'માટે જ્ઞાનીએ પુણ્ય અને પાપ બન્ને પ્રકારના બંધનોને હેય સમજવા ઉચિત છે.'** પુણ્ય અને પાપ બન્ને ભાવને જ્ઞાની હેય સમજે. તેમાં એક ઉપાદેય અને એક હેય, એમ છે નહિ.

**'મંદ કષાયના ભાવોને શુભોપયોગ...'** મંદ કષાય થાય છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, જાત્રા, વાંચન, શ્રવણમાં શુભભાવ થાય છે. તે શુભભાવ મંદ કષાય છે. હિંસા, જૂઠું આદિ **'તીવ્ર કષાયના ભાવોને અશુભોપયોગ કહે છે. બન્નેથી બંધ થાય છે. ચાર ઘાતિકર્મ અથવા બંધ બન્નેથી ઉપયોગથી થાય છે.'** બન્ને ઉપયોગથી થાય છે. શું કહે છે? જેમ હિંસા, જૂઠું, ચોરી, ક્રોધ, માન (આદિ) અશુભઉપયોગથી ઘાતિકર્મ બંધાય છે. જ્ઞાનવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, એમ શુભઉપયોગથી પણ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય બંધાય છે. સમજાણું કાંઈ? જેમ પાપ પરિણામથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય બંધાય છે તેમ પુણ્ય પરિણામથી પણ ચાર ઘાતિ બંધાય છે. આહાહા..! શુભભાવથી પણ જ્ઞાનાવરણીય બંધાય છે, શુભભાવથી દર્શનાવરણીય

બંધાય છે, શુભભાવથી મોહનીય બંધાય છે. સમજાય છે કાંઈ? ચારિત્રમોહનીય બંધાય છે કે નહિ? અને અંતરાય પણ (બંધાય છે). જેમ અશુભભાવથી ઘાતિનો બંધ છે તેમ શુભભાવથી પણ ઘાતિનો બંધ છે જ. અઘાતિમાં થોડો ફેર પડે એ તો ભેખમાં ફેર પડ્યો. અશુભથી અઘાતિમાં પાપ બંધાય છે અને શુભથી અઘાતિમાં પુણ્ય બંધાય છે. એ તો અઘાતિ નામ સંયોગમાં ફેર પડ્યો. તેના સ્વભાવમાં કોઈ ફેર નથી. ઓ..હો..હો...!

માણસને બહારની મીઠાશ (એટલી છે). ખરેખર તો અતીન્દ્રિય સુખની મીઠાશ જ્યાં સુધી ન લાગે ત્યાં સુધી ઈન્દ્રિય વિષયના સુખની મીઠાશ તેને છોડતી નથી અને ઈન્દ્રિય સુખની મીઠાશમાં શુભ પરિણામની મીઠાશ રહે છે. સમજાણું કાંઈ? શુભ પરિણામની મીઠાશ, એનું ફળ બંધ, તેનું ફળ સંયોગ ને તેનું ફળ ઈન્દ્રિયના વિષય. અતીન્દ્રિય આનંદની રુચિ સમ્યગ્દર્શનમાં થાય તો તેને ઈન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ ઉઠી જાય છે. ઈન્દ્રિયવિષયના સુખનું કારણ એવા પુણ્યભાવમાંથી પણ રુચિ ઉઠી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! પછી થોડી લાંબી વાત કરી છે. બંધની વાત છે.

**'પુણ્યના ફળથી પ્રાપ્ત વિષયભોગોમાં ફસાઈ જવાથી વિષયી મનુષ્ય નરક, નિગોદાદિમાં ચાલ્યો જાય છે.'** લ્યો! એ પુણ્યના ફળ 'પરમાત્મ પ્રકાશ'માં કહ્યું છે, પુણ્યથી વૈભવ અને વૈભવથી અભિમાન, અભિમાનથી નરક. સમજાણું? 'યોગીન્દ્રદેવઆચાર્યે' કહ્યું છે. પુણ્યથી વૈભવ (મળે). આ પુણ્ય બાંધે તો તેનાથી વૈભવધૂળ મળે. આ ધૂળ.. ધૂળ! પૈસા ને આબરૂ ને મકાન ને દાગીના ને ઠાઠમાઠ, હાથી ને બળદ ને ઘોડા ને... મોટરું તો વળી હવે થઈ. હેં? હાથી, ઘોડા, બળદ. ઓ..હો..હો...! પુણ્યના ફળમાં એ મળે પછી અભિમાન (કરે કે), મારે છે, તમારે નથી. ધૂળની ચીજ મારે છે, તમારે નથી. અભિમાનથી નરક (મળે). જાઓ, હેઠે ઉતરો.

**'દેવગતિમાં ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને બીજા સ્વર્ગ સુધીના દેવ મરીને એકેન્દ્રિય પૃથ્વી, જળ, વનસ્પતિ કાયમાં જન્મ લઈ લે છે.'** જુઓ! આહાહા..! પુણ્યના ફળમાં ઈન્દ્રના, દેવના પદ મળે અને દેવ મરીને એકેન્દ્રિયમાં જાય. તૃષ્ણામાં પુણ્યની ઈચ્છા છે, પુણ્યના ફળ ભોગવવાની ભાવના છે એવો મિથ્યાદષ્ટિ, એમ કહે છે. એ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ કે અમુક વૈમાનિક (દેવ).. સમજાણું? એકેન્દ્રિય પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં ઊપજે. બે-બે સાગરની સ્થિતિ, અસંખ્ય અબજ વર્ષની સ્થિતિ છોડીને પૃથ્વીમાં જાય. પુણ્યની અભિલાષા અને તેના ફળની અભિલાષામાં મિથ્યાદષ્ટિ મરીને એકેન્દ્રિયમાં જાય. બીજા દેવલોકનો દેવ, ઈન્દ્ર નહિ, સમજાણું કાંઈ? પાણીમાં જાય, વનસ્પતિમાં ઊપજે.

**'બારમા સ્વર્ગ સુધીના દેવો પંચેન્દ્રિય પશુ સુધી જન્મ લઈ શકે છે.'** પુણ્યના ફળની ઈચ્છા અને ઈન્દ્રિય સુખની ઈચ્છાવાળો મિથ્યાદષ્ટિ ભલે પુણ્યના ફળમાં બારમા સ્વર્ગે ચાલ્યો જાય પણ ત્યાં પણ ઈન્દ્રિયના વિષયમાં લોલુપતા છે, આત્માના અતીન્દ્રિય આનંદની દ્દષ્ટિ નથી તો તે પણ મરીને પશુમાં જાય. બારમા સ્વર્ગનો દેવ પશુમાં ઊપજે. સમજાય છે કાંઈ? બારમો એટલે આ આઠમું દેવલોક જે શ્વેતાંબરનું છે એ અહીં બારમું કહેવાય છે. સમજાણું કાંઈ?

**'નવમી ગ્રૈવેયક સુધીના દેવો મનુષ્યરૂપે જન્મે છે.'** એ દેવ મનુષ્યમાં આવે, કહે છે.

**'વિષયભોગોની આકુળતા તે તૃષ્ણારૂપી રોગ છે.'** એને તૃષ્ણા રોગ થયો. પુણ્યની અભિલાષાથી પુણ્ય બંધાય ગયું. પુણ્ય નામ શુભભાવ

થયો, બંધાય ગયો (અને) સ્વર્ગમાં નવમી ગ્રૈવેયકે ચાલ્યો ગયો, ત્યાંથી મરીને મનુષ્ય થઈને તૃષ્ણાનો રોગ થયો. કેમકે પુણ્યની ઈચ્છા થઈ, આત્માના આનંદની દૃષ્ટિ નહોતી. નવમી ગ્રૈવેયકવાળા લીધા છે. મિથ્યાદૃષ્ટિ છે ને! તેની વાત કરે છે, હોં! મિથ્યાદૃષ્ટિને તૃષ્ણારોગ લાગુ પડ્યો છે. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ' એ ભ્રાંતિ, આત્માને ભૂલીને ઈન્દ્રિયના સુખમાં અને પુણ્યમાં પ્રીતિ (થવી) એ જ મોટી ભૂલ અને ભ્રાંતિ છે. નવમી ગ્રૈવેયકે શુભભાવથી ગયો, ત્યાંથી નીકળી મનુષ્ય થયો તો એ મિથ્યાષ્ટિ છે, ઈન્દ્રિયસુખની રુચિ છે તો તૃષ્ણાનો રોગ ચાલુ છે. તૃષ્ણાનો રોગ લાગુ પડ્યો છે. આત્માની ભાવના તો છે નહિ, ભાવના પુણ્યની, પાપની છે. તૃષ્ણાનો મોટો રોગ લાગુ પડ્યો છે, કહે છે. આ મોટા ચક્રવર્તી આદિ તૃષ્ણામાં રોગી છે, એમ કહે છે. પૈસાવાળા તૃષ્ણાના રોગી (છે). ચારે કોર આથડ્યા કરે, એ.. પૈસા, એ.. પૈસા, એ.. પૈસા. ઈન્દ્રિયસુખના ફળ ભોગવવાની ઈચ્છામાં તૃષ્ણાનો રોગ લાગુ પડ્યો. ભટક્યા ભટક (કરે), ગરીબ માણસ જેમ ભટકે ને એમ આ ભિખારી થઈને લાવ.. લાવ.. લાવ.. લાવ (કરે છે). ફિલ્મમાંથી પૈસા લાવો, બીજું શું? નાટકમાંથી લાવો, મકાનમાંથી લાવો, ભાડામાંથી લાવો. ભાડુ સમજો છો? ભાડાને શું કહે છે? કિરાયા. એમાંથી લાવો. તૃષ્ણાનો રોગ વળગ્યો. ભગવાનઆત્મા આનંદનું ઘર છે તેની તો ષ્ટિ છે નહિ તો તેને પુણ્ય પરિણામની રુચિ છે, તૃષ્ણાનો રોગ લાગુ પડ્યો છે. ક્ષય લાગુ પડ્યો છે, ક્ષયરોગ. આત્માની શાંતિને ક્ષયરોગ લાગુ પડ્યો.

'**રોગથી પીડાયેલ પ્રાણી ગભરાઈને વિષયભોગોમાં તૃષ્ણાની શાંતિ માટે જાય છે. ભોગ ભોગવીને તે સમયે ક્ષણિક તૃપ્તિ પામીને તૃષ્ણામાં અધિક વધારો કરે છે. દુ:ખોના સાધનોમાં જે આકુળતા થાય છે તેવી જ આકુળતા તૃષ્ણારૂપી રોગની વૃદ્ધિમાં થાય છે.**' બન્નેને સરખું લગાવ્યું. ઠીક લખ્યું છે. કહે છે કે, દુ:ખોના સાધનમાં જેમ આકુળતા થાય જમૈયા સામે આવે, રોગ આવે અને દુ:ખી થાય છે એમ '(**તેવી જ) આકુળતા તૃષ્ણારૂપી રોગની વૃદ્ધિમાં થાય છે.**' આ તૃષ્ણારૂપી રોગમાં આકુળતા વધે એ મોટો રોગ છે, એમ કહે છે. શું કહ્યું? દુ:ખના સાધન જેમ સિંહ, વાઘ, જમૈયા રોગ આવે ને આકુળતા થાય છે તે રીતે આકુળતા તૃષ્ણારૂપી રોગના વધવામાં થાય છે. તૃષ્ણારૂપી રોગ વધ્યો એમાં આકુળતા વધે છે, એ આકુળતા વધી. સમજાણું કાંઈ?

'**આ જીવે વારંવાર દેવગતિ તથા મનુષ્યગતિના પાંચ ઈન્દ્રિયોના વિષયભોગ ભોગવ્યા...**' અનંતવાર સ્વર્ગના ભોગ ભોગવ્યા, નરકનું દુ:ખ સહન કર્યું, મનુષ્યના રાજપાટમાં પણ અનંતવાર જન્મ્યો અને ભોગ ભોગવ્યા (પણ) તૃપ્તિ ન થઈ. '**તૃષ્ણાની બળતરા શાંત થઈ શકી નથી.**' કેમકે આત્માના આનંદની રુચિ વિના એ તૃષ્ણાનો દાહ શમન થતો નથી. '**જ્ઞાનીઓ વિષયસુખને હેય સમજે છે...**' ધર્મી જીવ પાંચ ઈન્દ્રિયના વિષયસુખને હેય, જ્ઞેય તરીકે હેય સમજે છે, છોડવા લાયક સમજે છે. '**અને વિષયસુખના કારણ એવા પુણ્યકર્મને હેય જાણે છે.**' એમ કહેવું છે ને પાછું. સમજાય છે? એ વિષયસુખને ધર્મી હેય જાણે ત્યારે '**વિષયસુખના કારણ એવા પુણ્યકર્મને હેય જાણે છે. તેથી પુણ્યબંધના કારણરૂપ શુભોપયોગને પણ હેય સમજે છે.**'

ત્રણ બોલ લીધા. ધર્મી તેને કહે છે કે, પાંચ ઈન્દ્રિયના વિષયસુખને છોડવા લાયક જાણે. પાંચ ઈન્દ્રિયના વિષયને હેય જાણે તો તેના કારણરૂપ બંધને પણ હેય જાણે, બંધને હેય જાણે..

સમજાણું? તો પુણ્યબંધનું કારણ એવા શુભોપયોગને પણ હેય જાણે. ત્રણે હેય થઈ ગયા. જેને વિષયતૃષ્ણા ઇન્દ્રિયસુખમાં પ્રીતિ છે તેને પાપમાં પ્રીતિ છે, તેના ફળમાં પ્રીતિ છે તો તેની પ્રીતિ કર્મબંધનમાં છે. અને જેને ઇન્દ્રિય વિષયસુખનો પ્રેમ છે તેનો બંધ પુણ્ય હોય તોપણ ઠીક માને છે અને પુણ્યભાવને પણ ઠીક માને છે. ઇન્દ્રિય વિષયસુખને હેય માને છે તેને પુણ્યબંધ પણ હેય છે અને તેનો શુભભાવ પણ હેય છે. શું કીધું? છ બોલ કહ્યા.

ઇન્દ્રિયવિષયને સુખરૂપ માને છે તેને ઇન્દ્રિયવિષયના કારણ જે બંધ છે તેને સુખરૂપ માને છે, તેના કારણ ભાવને પણ સુખરૂપ માને છે. ઇન્દ્રિયવિષયને સુખરૂપ નથી માનતા, હેય માને છે તો ઇન્દ્રિય વિષયસુખનું કારણ જે બંધ, તેને પણ હેય માને છે અને બંધના કારણ શુભભાવને પણ હેય માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? બાહ્ય પદાર્થ અને બાહ્ય ફળ, તે જેની બુદ્ધિમાં અધિક દેખાય છે, અધિક દેખાય છે તો તેને ફળની પ્રીતિ આવી, તો તેના બંધનના કારણને પણ પોતાના આત્માના સ્વભાવથી અધિક માન્યું અને બંધનું કારણ એવા શુભભાવને પણ પોતાના સ્વભાવથી અધિક માન્યો. આત્માને હિન માન્યો. સમજાય છે કાંઈ? શું કહ્યું?

ભગવાનઆત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે, એવી જેને રુચિ નથી તેને ઇન્દ્રિયના ફળ વિષયમાં રુચિ છે, પ્રેમ છે, તો તેનો બંધ પડ્યો, પુણ્યબંધ પડ્યો તેનો પણ પ્રેમ છે અને તેના કારણ, શુભભાવમાં પણ પ્રેમ છે અને આત્મા પ્રત્યે તેને અપ્રેમ છે. આત્મા પ્રત્યે જેને પ્રેમ છે તેને ઇન્દ્રિય વિષયસુખ પ્રત્યે હેયબુદ્ધિ છે, તો તેના બંધમાં પણ હેયબુદ્ધિ છે અને બંધના કારણમાં પણ હેયબુદ્ધિ છે. સમજાય છે કાંઈ?

(જ્ઞાની) **'માત્ર શુદ્ધોપયોગની ભાવના કરે છે જેથી તિર્યંચમાં પણ અતીન્દ્રિય સુખ થાય છે,...'** જુઓ! શું કહે છે? અરે..! પશુમાં પણ આત્મશ્રદ્ધા, આત્મજ્ઞાન અને શુદ્ધોપયોગ થાય છે તો તેને પણ આનંદ આવે છે. પશુ! ખાવા માટે એક પાય ન મળે, અનાજનો કણ ન મળે... સમજાણું? અને ચાર-ચાર પ્રહર રાત્રિમાં ચોવિહાર. રાત્રે કાંઈ પાણી મળતું નથી. ચકલીનું નાનું બચ્ચું હોય, સાંજથી સવાર સુધી પાણીનું બિંદુ નહિ, અનાજનો કણ નહિ  અને સ્થાનફેર નહિ (એમ) ત્રણ (નથી). સ્થાન પણ તે જ, (ત્યાં) આસન લગાવી દીધું. ચકલા કહે છે ને? ચકલા.. ચીડિયા. ચીડિયા છે, મોર છે, પંખી છે, જુઓ! એક સ્થાનમાં બાર કલાક, તેર કલાક (રહે). મોટી રાત હોય તો ચૌદ-ચૌદ કલાક (રહે). આહારનું બિંદુ નહિ, પાણીનું બિંદુ નહિ. સમજાય છે કાંઈ? પણ કહે છે કે, એ સ્થાનમાં પણ જો આત્મા શુદ્ધ ચિદાનંદની રુચિ અને અનુભવ છે તો તેને શુદ્ધોપયોગનો આનંદ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એવી સ્થિતિમાં પણ.. આહાહા..! પશુ છે ને? દેડકો હોય છે તે પણ સમ્યગ્દર્શન પામે છે. આત્મા છે કે નહિ?

ભગવાનના સમવસરણમાં પશુ આદિ બધા જાય છે. નાનો (દેડકો પણ) જાય, મોટા મોટા મગરમચ્છ પણ જાય છે અને મોટા મોટા સિંહ, વાઘ, નાગ પણ જાય છે. ઝેરીલો મોટો નાગ હોય એ રાત્રે તો ફરે ખોરાક માટે પણ આ ન ફરે, પછી રાત્રિભોજન ન કરે. સમજાય છે કાંઈ? જેને આત્માનું ભાન થયું અને સમ્યગ્દર્શન આદિ થયા અને કોઈ નાગને તો પંચમ ગુણસ્થાન હોય છે. આત્માની શ્રદ્ધા, જ્ઞાન ઉપરાંત શાંતિ વધી જાય છે. એ નાગ ચાર પહોર તો બિલકુલ લે નહિ, બહાર જાય નહિ. તેમાં પણ તેને નિર્દોષ ખોરાક મળે  એકેન્દ્રિયાદી (એ લ્યે).

અને અંદર શુદ્ધોપયોગમાં આનંદ માને છે. ઓ..હો..હો...! સમજાય છે કાંઈ?

આ ચક્રવર્તી આદિ અને અબજોપતિ શેઠિયા આદિને પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન નથી, શ્રદ્ધા ને જ્ઞાનની રુચિ નથી, એ પુણ્ય-પાપમાં પ્રેમ અને રુચિ છે તો એકલી આકુળતાને વેદે છે. અબજોપતિ શેઠ આકુળતાને (વેદે છે). મેડીમાં.. મેડી કહે છે? મેડીમાં બેઠા બેઠા હિંડોળે હિંચકે, સોનાની સાંકળ છે, એકલી આકુળતા (ભોગવે છે). કેમકે આત્મા અખંડાનંદની રુચિ તો છે નહિ. પુણ્ય-પાપની રુચિમાં એકલી આકુળતાને વેદે છે. એ મહેલમાં બિરાજીને આકુળતા વેદે, ઓલો પંખી ઝાડની ડાળ ઉપર બે પગે આખી રાત અંતરમાં શુદ્ધ પ્રભુ આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય પ્રભુની અનુભવદૃષ્ટિ થઈ છે અને પુણ્ય-પાપના ભાવને વિકાર, દુઃખરૂપ જોઈને છોડવા લાયક માને છે. સ્વભાવ જ આદર કરવા લાયક માનીને શુદ્ધ વેપાર અંદર કરે છે તો એ પશુ પણ આનંદને વેદે છે. આહાહા..! સમજાણું કાંઈ?

નરકમાં પણ સમકિતીને આનંદ છે. 'બાહિર નારકકૃત દુઃખ ભોગવે' એ આવે છે ને? અંદર સુખ કી ગટાગટી. નારકીને ગટાગટી. પીડા.. પીડા.. પીડા.. બહાર સંયોગ (એવા). ઓ..હો..હો..! જન્મે ત્યારથી સોળ રોગ. પીડા.. પીડા.. પીડા.. બહારની. અંતરમાં આત્માના શુદ્ધ શ્રદ્ધા, ભાન, અનુભવ કર્યો છે તો કહે છે કે, એ આનંદમાં ગટાગટી કરે છે. અતીન્દ્રિય આનંદ નરકમાં લે છે. એ આત્માના શુદ્ધઉપયોગની દૃષ્ટિને કારણે. અને અજ્ઞાની આમ મહેલમાં બેઠો હોય, લાગે કે સુખી છે (પરંતુ) એકલા આકુળતામાં દુઃખી છે. સમજાય છે કાંઈ?

'**કર્મોનો ક્ષય થાય છે અને મોક્ષમાર્ગ પમાય છે.**' લ્યો! એને—તિર્યંચને શુદ્ધોપયોગમાં કર્મનો ક્ષય થતો જાય છે, હોં! મોક્ષમાર્ગ પમાય છે, મોક્ષમાર્ગ બરાબર શુદ્ધ થતો જાય. '**શુદ્ધોપયોગમાં ઠરવાની શકિત ન હોવાથી જ્ઞાની જીવ શુભોપયોગમાં વર્તે છે પરંતુ પુણ્યની ઇચ્છા રાખતા નથી.**' લ્યો, સમજાય છે કાંઈ? ઓ..હો..હો..! ક્યાં પશુ જ્ઞાની અને ક્યાં મિથ્યાદૃષ્ટિ શેઠિયા ને મિથ્યાદૃષ્ટિ દેવ!

મુમુક્ષુ :— મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી.

ઉત્તર :— દ્રવ્યલિંગી સાધુ. સમજાય છે કાંઈ? જેને આત્માના આનંદ સ્વભાવની રુચિ નથી અને પુણ્યભાવની પ્રીતિરુચિ છે તે નવમી ગ્રૈવેયકમાં હોય છતાં આકુળતાને વેદે છે. આકુળતા.. આકુળતા.. આકુળતા. નીચે સાતમી નરકમાં નારકી પડ્યો છે. નવમી ગ્રૈવેયક અને સાતમી નરક. નારકી પડ્યો છે, કોઈ મોટો રાજા-મહારાજા મરીને ગયો તો ભાન થઈ ગયું કે, ઓ..હો...! સંતોએ અમને કહ્યું હતું કે, સ્વભાવનું સાધન કરવામાં તું સ્વતંત્ર છો, બહારના કોઈ સાધનની જરૂર નથી. તારો ધર્મ કરવામાં પૈસાનો વ્યય, શરીરનો નાશ, કોઈ બળવાન પુરુષની મદદની કાંઈ જરૂર નથી. (ત્યારે) ન માન્યું. (હવે) હું અહીંયાં નરકમાં આવ્યો. એવી વેદનાનો ખ્યાલ છોડીને શાંતસ્વરૂપ આત્મા(ની સન્મુખ થઈને) સાતમી નરકમાં નારકી સમકિતી આનંદ લે છે અને નવમી ગ્રૈવેયકે મિથ્યાદૃષ્ટિ જીવ દુઃખ ભોગવે છે. તેનું કારણહેતુ, સ્વભાવની દૃષ્ટિ, અનુભવ થયે. શુદ્ધ ચિદાનંદ મૂર્તિ (છું), બસ! એ અનુભવમાં આનંદ છે અને અજ્ઞાનીને પુણ્યની પ્રીતિ પડી છે (એ) ભલે સ્વર્ગમાં જાય પણ એકલી આકુળતાને વેદે છે.

'પ્રવચનસાર'ની વાત કરી છે. પુણ્ય છે ખરું, એમ. પણ એ પુણ્યને કારણે દુઃખી છે. '**દેવાદિ તૃષ્ણાને કારણે દુઃખી થાય છે.**' પુણ્યનું ફળ છે, પુણ્યનું અસ્તિત્વ છે, તેનું ફળ પણ છે (પરંતુ) તૃષ્ણામાં દુઃખી છે.



## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૧૩૪ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૧૪-૧૨-૧૯૮૨, પ્રવચન નં. ૪૧ (વિષય : માર્ગદર્શન/પ્રેરણા)

(ગતાંકથી આગળ...)

આચાર્યદેવોએ અનેક શક્તિઓનું વર્ણન કર્યું, આત્માના અનેક ગુણધર્મોનું વર્ણન કર્યું. આ ૪૭ નયોમાં એના અનેક ગુણધર્મોનું (વર્ણન છે). ગુણો અને ધર્મો, એ બધું ક્યાંથી વર્ણન કર્યું? કે જ્ઞાનમાં તો આવ્યું છે. જ્ઞાનમાં આવ્યા વિના એનું વર્ણન કેમ કરે? જ્ઞાનમાં આવવા છતાં એને અવલંબતા નથી અને એનું લક્ષ રાખતા નથી. જે એક સ્વભાવ, અભેદ સ્વભાવ, અખંડ સ્વભાવ છે, જેનું લક્ષ કરવા યોગ્ય છે એના લક્ષને છોડ્યા વિના એ બધું ચાલે છે.

જેટલા ભેદોનું વર્ણન ચાલે છે એ ભેદનું વર્ણન પણ અભેદને લક્ષે ચાલે છે. અભેદને લક્ષે ભેદનું વર્ણન. ઠીક! ભેદ અને અભેદ પ્રતિપક્ષ હોવા છતાં, ભેદ અને અભેદ પરસ્પર વિરુદ્ધ હોવા છતાં ભેદનું વર્ણન ઉપયોગ દઈને કરવું પડે છે. ભેદનું વર્ણન કરે ત્યારે તો ઉપયોગ આપવો પડે છે કે આવો ગુણ છે, આવો ધર્મ છે, આવો નય છે, છતાં અભેદને લક્ષે એ ચાલે છે. અભેદને લક્ષે ચાલે છે એટલે એની જે મોક્ષમાર્ગની પરિસ્થિતિ છે એ મટતી નથી. અને જેટલો ભેદ વિકલ્પ ઊપજે છે એટલો રાગ થાય છે. જેટલો ભેદ પડે છે એટલો રાગ થાય છે. એ રાગ કાર્યકારી રહેતો નથી. કેમકે એનું લક્ષ નથી. આમ છે.

એનો એક બહુ સારો દૃષ્ટાંત એ છે કે, વ્યાપારમાં નફો કરવાનું પ્રયોજન છે. પછી માલની ખરીદીનો પ્રસંગ હોય કે માલના વેચાણનો પ્રસંગ હોય. બેય પરસ્પર વિરુદ્ધ પ્રક્રિયા છે. ખરીદવાની પ્રક્રિયા જુદી છે, વેચવાની પ્રક્રિયા જુદી છે. વેચતી વખતે એમ છે કે કેમ વધુ ને વધુ કિંમત હું લઉં. ખરીદતી વખતે એમ છે કે કેમ ઓછામાં ઓછી કિંમતે હું ખરીદું. લક્ષ બેયમાં એક જ છે. જુદા જુદા ભેદે વ્યાપાર થતો હોવા છતાં લક્ષ તો સળંગ એક જ રહે છે.

એમ કોઈપણ ઉદયભાવે, કોઈપણ ઉદયમાં જ્ઞાનીની પ્રવૃત્તિમાં જ્ઞાનીનું લક્ષ ફરતું નથી. એ લક્ષ કરાવવા માટે પ્રથમથી જ એને સમજાવવામાં આવે છે કે ગુણ-પર્યાયના ભેદો છે એને ગૌણ કરવાના હોય છે, એને લક્ષમાંથી એકવાર છોડી દેવા પડે છે. સમજવાના કાળમાં જે ગુણ-પર્યાયના ભેદોથી સમજાવવામાં આવ્યા હતા તે જ ભેદોને કેટલા ગૌણ કરવા પડે? કે અદશ્ય થાય એટલા ગૌણ કરવા પડે. તિરોધાન કરવું એટલે ઢાંકવું. કેટલી હદે ઢાંકવું? કે અદશ્ય થાય એટલી હદે ઢાંકવું. એટલે જુદા જુદા શબ્દો લીધા છે. **'તિરોધાન કરી દે-અદશ્ય કરી દે-ઢાંકી દે-એમ કહેવાય છે.'** કેમકે એનું લક્ષ કરવાનું નથી, એનું અવલંબન લેવાનું નથી.

દરેક વિષયમાં એમ જ છે. કોઈપણ અપરિચિત માણસના પરિચયમાં જતી વખતે તે વ્યક્તિની કેટલી કેટલી વિશિષ્ટતાઓ છે એનો ખ્યાલ કરવામાં આવે

છે. એના રંગ રૂપથી માંડીને એના પ્રકૃતિ સ્વભાવનો બધો જ પરિચય કરવામાં આવે છે. પરિચય કરવામાં આવે છે ત્યારે એ બધા ભેદોનો વિચાર ચાલે છે. પરિચિત થયા પછી તેના જ્ઞાન અર્થે તેનું નામ લેવું પર્યાપ્ત છે. તેના જ્ઞાન માટે તેનું નામ પડે ત્યાં તેનું જ્ઞાન થાય. કોઈ એના ભેદોમાં વિચારમાં એની વિશિષ્ટતાઓ, તે વ્યક્તિની વિશિષ્ટતાઓ કેટલી કેટલી છે એના ભેદોના વિચારમાં જવાનો કોઈ પ્રોસેસ થયા વિના, જ્ઞાનમાં એનો પ્રોસેસ થયા વિના નામ લેતા જે જ્ઞાન પૂરું થાય છે તેને અભેદ જ્ઞાન કહેવામાં આવે છે. એવું જ ગુણ-પર્યાયના ભેદોથી આત્માનો પરિચય કરાવ્યો ત્યારે એક આત્મા નામનો શબ્દ પડે ત્યારે આખો આત્મા જ્ઞાનમાં ખડો થવો જોઈએ.

'ગુરુદેવશ્રી'ની જે ગંભીર શૈલી હતી એમાં આ એક પ્રકાર હતો. વ્યાખ્યાન શરૂ કરે ત્યારે અહીંથી બહુભાગ શરૂ કરતા કે, આ આત્મા છે... ત્યાંથી શરૂ કરે. એ એક શબ્દ તો આટલો જ છે કે, આ આત્મા છે... એ આત્મા છે એમાં આખો આત્મા એના જ્ઞાનમાં ખડો થાય છે. વક્તાના જ્ઞાનમાં અભેદ આખો આત્મા ખડો થાય તો શ્રોતાના જ્ઞાનમાં પણ એમ થવું જોઈએ. તો વક્તા-શ્રોતાની સંધી મળે છે. નહિતર વક્તા કહે છે કાંઈક અને શ્રોતા સાંભળે છે કાંઈક બીજું. એમ થઈ જાય છે એની અંદર. પણ ટેપ હજી ઘણી રહી ગઈ છે. વ્યાખ્યાન શરૂ થાય તો કેવી રીતે થાય એ જોજો. અહીંથી શરૂ કરતા. મેં તો સેંકડો વાર માર્ક કરેલી આ વાત છે—ખ્યાલમાં લીધેલી વાત છે કે કેવી રીતે એ શરૂ કરે છે. શું આવે છે જ્ઞાનમાં.

પહેલાં જ નિજપદને જ્ઞાનમાં સ્થાપે છે. એ જ્ઞાનમાં ઉપયોગપૂર્વક નિજપદને સ્થાપ્યું પછી તેના વિષયનું કથન, તેના ગુણોનું, તેની પર્યાયનું, પર્યાયમાં વિકાર અને અવિકારનું, વિકારના નિમિત્તોનું જેટલું કોઈ કથન ચાલે તે બધામાં આ આત્મા આવો છે એ વાત રાખીને ચાલે છે. અને એ રાખીને ચાલે છે એના પણ ઘણા સંકેત ભાષામાં વિભિન્ન રીતે આવેલા છે. એ તો એ લક્ષે ચર્ચા કરીએ ત્યારે ખ્યાલમાં આવે કે આ કેટલી ખૂબીઓ છે.

.... જે કાંઈ કરવું પડે એ કરવાની તારી તૈયારી હોવી જોઈએ. આ તો તારે કરવું નથી એટલે એમ કહે છે કે તો પહેલા શું કરવા ભેદ પાડ્યો? ભાઈ! પહેલા ભેદ પાડવો આવશ્યક હતો. સમજાવતી વખતે ભેદ પાડવો આવશ્યક હતો. પણ એ ભેદ પાડ્યો ત્યારે જ સાથે સાથે એમ સમજાવ્યું હતું કે આ ભેદને અભેદમાં અંતર્લીન કરવાનો છે. અને અભેદમાં ભેદ અંતર્લીન છે માટે એને અંતર્લીન કરવાનો છે. નથી ને અંતર્લીન કરવાનો છે એમ પણ પ્રશ્ન નથી. એ સીધી વાત છે.

શું કહે છે? **'વસ્તુ જે દ્રવ્ય છે...'** એ અભેદ દ્રવ્ય. વસ્તુ જે અભેદ દ્રવ્ય છે, **'ચેતન તે દ્રવ્ય ને ચૈતન્ય તે ગુણ એવા ભેદને ઢાંકી દે ને એક અભેદને લક્ષમાં લે.'** ચૈતન્યના ભેદને પણ અંતર્લીન કરી દે. મૂળ ગાથામાં એ શબ્દ પડ્યો છે. આચાર્ય મહારાજે ટીકા કરી છે ત્યારે એને અંતર્લીન કરવો. પર્યાયને ગુણમાં સંક્ષેપાવીને, જ્ઞાનમાં, હોં! પર્યાયના જ્ઞાનને ગુણના જ્ઞાનમાં સંક્ષેપ કરીને અને ગુણના જ્ઞાનને દ્રવ્યમાં સંક્ષેપ કરીને, અંતર્લીન કરીને એવી ભાષા વાપરી છે. એક અભેદ દ્રવ્યનું જ્ઞાન કરવું, અવલંબન કરવું, એક અભેદને લક્ષમાં લેવો.

આ સોનાનો તો બધાને પરિચય છે ને? સોનું એક એવી ચીજ છે કે બધા સમજે છે. ભલે પરખ ન હોય તોપણ. સોનું એટલે લોઢું નહિ. અને સોનું એટલે તાંબુ, પીત્તળ અને એલ્યુમિનિયમ નહિ. કોઈ ધાતુ નહિ. પીત્તળ ભલે સોના જેવું દેખાતું હોય તોપણ ક્યાં સોનું અને ક્યાં પિત્તળ! સોના અને પિત્તળ વચ્ચે કિંમતની દૃષ્ટિએ બહુ મોટો આંતરો ગણવામાં આવે છે. હવે સોનું એમ કહેતા એનું અભેદ

જ્ઞાન થાય છે. કે એના ભેદોમાં જાવું પડે છે? કાંઈ નહિ. નામ પર્યાપ્ત છે. પરિચિત ચીજમાં નામ પર્યાપ્ત છે. એમ પરિચય જે કરવાનો છે એમાં ભેદ વિલિન થઈ જાય, ભેદ અંતર્લીન થઈ જાય એટલી હદે સ્વ વસ્તુનો, નિજ વસ્તુનો પરિચય કરવામાં આવે તો એને અભેદનું લક્ષ રહે છે. ભેદોનું જ્ઞાન થાય તોપણ અભેદનું લક્ષ પછી છૂટતું નથી. એટલી હદે અભેદને અભેદપણે લક્ષમાં લેવો જોઈએ, અનુભવમાં લેવો જોઈએ, વેદનમાં લેવો જોઈએ. એ અભેદનો રસ હોય તો એ પરિણામ આવે છે. ભેદરસમાં રોકાતા ભેદના રસવાળાને એ પરિણામ આવતું નથી. તેથી ભેદ છોડાવ્યો છે એટલું જ નહિ, અનાદિનો જે ભેદનો રસ છે તેને પણ છોડાવ્યો છે. કેમકે પક્કડ તો રસથી આવે છે, પક્કડ છે એ તો રસને લઈને છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે અભેદની વાત. બરાબર છે. ભેદ-અભેદ એવું સ્પષ્ટ લખાણ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલું છે. '**મૈં ત્રિકાલી સહજ જ્ઞાનસ્વભાવી ધ્રુવ પદાર્થ હૂં વ પ્રતિક્ષણ જ્ઞાનરૂપ પરિણમન મેરા સહજ સ્વભાવ હૈ. જડાશ્રિત પરિણામ જડ કે હૈં. પૂજ્ય ગુરુદેવ કે ઈસ સિદ્ધાંતમેં ઘૂંટીને ક્ષણિક પરિણામકી ઓર કે વલણ કે રસ કો ફીકા કર દિયા હૈ.**' એટલી વાત છે. ભેદ શબ્દ નથી વાપર્યો. પણ પરિણામ તરફના વલણનો જે રસ હોય છે, વલણ એટલે આશ્રય. પરિણામ આશ્રિત પરિણામ થાય છે અને એ પરિણામનો રસ છે માટે પરિણામ આશ્રિત પરિણામ થાય છે. એવા રસને 'ગુરુદેવ'ના ઉપરના સિદ્ધાંતે ફિક્કો કરી દીધો છે. '**વ સહજ સ્વ કે સિવાય કોઈ કાર્યમેં રસ નહીં આતા હૈ.**' એક સહજ સ્વ છે, જે અનંત ગુણનું નિધાન છે, એનો એક અભેદરસ છે, એ રસ અવિનાશી રસ છે. એ અવિનાશી રસની ધારા એ પદાર્થમાં ચૂવ્યા કરે છે. 'અનુભવપ્રકાશ'માં એવી ભાષા લીધી છે. '**અભેદ અવિનાશી રસની ધારા ચૂએ છે.**' એનો પ્રવાહ ચાલુ રહે છે. એ જ્ઞાનધારા છે, જ્ઞાતાધારા કહે છે. 'બહેનશ્રી' પોતાની ભાષામાં એને જ્ઞાતાધારા કહે છે.

'**અતઃ જવાબાદિ પહુંચનેમેં વિલંબ આદિ કે હોનેમેં મેરી ઓર કા ખ્યાલ ન કરના.**' તેથી પત્રનો તમને જવાબ કદાચ મળે, ન મળે, મોડું થાય તો મારો વિકલ્પ કરશો નહિ. આપણે નથી કહેતા? કે ભાઈ! મારે જરૂરી કામે જવું છે. કદાચ તમારા પ્રસંગે ન પહોંચી શકું તો મને ક્ષમા કરજો, માફ કરજો. એમ કહે છે કે તમારી સાથે આ પત્રવ્યવહાર છે. જવાબ મોડો મળે, કદાચ ન મળે તો ક્ષમા કરી દેજો. મારું એ બાજુ બહુ ધ્યાન છે નહિ. અથવા તે તે પ્રસંગોને લંબાવવાનો અભિપ્રાય નહિ હોવાથી લખાઈ જાય તો લખાઈ જાય, નહિતર કાંઈ નહિ, એમ કરીને ન પણ લખાય. એવું બનવાનો સંભવ છે. ત્યાં રસની વાત લીધી છે. પરિણામનો રસ. પરિણામ તરફનો વલણવાળો રસ એને 'ગુરુદેવ'ના સિદ્ધાંતે ફિક્કો કરી દીધો છે. ઠીક! મારા પરિણમનમાં મેં વીતરાગતા પ્રગટાવીને એ રસ તોડ્યો છે એમ નહિ. 'ગુરુદેવ'ના સિદ્ધાંતે આમ કર્યું છે. ઠીક! એમની ઘરગથ્થુ મારવાડી ભાષામાં લખે છે. 'ગુરુદેવ કે ઈસ સિદ્ધાંત કી ઘૂંટીને..' ઘૂંટીએ-ઘૂંટીને. હિન્દીમાં ને બોલાય છે. આપણે એ કરીએ. ઘૂંટીએ. એ ઘૂંટીને એમ કહે. જે ઘૂંટવા લાયક સિદ્ધાંત છે એ ઘૂંટાય... ઘૂંટાય... ઘૂંટાયને એવો ઘૂંટાણો છે કે બીજો રસ ખલાસ થઈ ગયો છે. એમ લે છે.

મુમુક્ષુ :- ઘૂંટવું એનો મારવાડીમાં બીજો અર્થ પણ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- શું થાય છે?

મુમુક્ષુ :- બાળક જન્મે ત્યારે દાદા કે ... પહેલી

દવા આપે, એના મોઢામાં મૂકવામાં આવે. ... એના દાદાની આ ઘૂંટી આપેલી છે એટલે એના સ્વભાવ પ્રકૃતિ ઉપર જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે જે પહેલા દવા આપી દે પછી..

મુમુક્ષુ :- આખી જિંદગી એના ઉપર...

પૂજ્ય ભાઈશ્રી :- ખોરાકની બીજી વિકૃતિ ન થાય. એ શરીરમાં પહેલા દવા રેડી છે પછી બીજો જે કાંઈ ખોરાક વગેરે આવશે એની કોઈ વિકૃતિ ન આવે.

મુમુક્ષુ :- ... એમ ગુરુદેવની અસર..

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક. ઉપમા સારી લીધી છે. ઘરડા હોય ને? ઘરડા-દાદાઓ મૂકી ગયા હોય. એક ઔષધિ મૂકી જાય કે આ એક બાળકને પહેલા પાઈ દેવી.

મુમુક્ષુ :- ગળથુથી.

પૂજ્ય ભાઈશ્રી :- ગળથુથી ઔષધરૂપે નથી હોતી ને. ગળથૂથીમાં તો કોઈપણ ચીજ આપણે આપીએ. આ સિદ્ધાંતની ગળથુથી મળી છે એમ કહે છે. ઠીક! બાળકને તો ખબર નથી પડતી કે ગળથુથીમાં શું આપ્યું છે. આ ગળથુથી એવી છે જે સાદિઅનંત ચાલે છે. પછી એમાં બીજી કોઈ ગડબડ થાતી નથી.

મુમુક્ષુ :- ભવનો અંત થાય જ.

પૂજ્ય ભાઈશ્રી :- એનો અંત થાય અને એમાં કોઈ બીજી અનેક પ્રકારના ઉદયભાવોની પરિણામમાં ક્રિયાઓ થાય, પરિણામક્રિયાઓ (થાય) તોપણ આ ગળથુથી એવી મળી ગઈ હોય છે કે એ બધા (ઉદયભાવો) નિષ્ફળ જાય. ઘૂંટીમાંથી તો અર્થ એમ ભાસતો હતો. ઘૂંટી ઘૂંટીને કોન્સન્ટ્રેટ કરીને બનાવેલી ચીજ. એ એટલી કોન્સન્ટ્રેટ કરી છે, એટલી તીવ્ર કરી છે કે, બસ! એ લઈ લીધી છે પહેલા. ઘૂંટી ઘૂંટીને સ્વરૂપરસ એવો ઘૂંટી લીધો છે, જે અભેદનો સિદ્ધાંત છે એ ઘૂંટી ઘૂંટીને એવો ઘૂંટાઈ ગયો છે કે હવે પરિણામનો ભેદ છે એનો મને રસ આવતો નથી. પરિણામનું જ્ઞાન થાય છે પણ એનો રસ આવતો નથી કે આ મને આનંદ આવી ગયો, મને જ્ઞાન વધી ગયું, મને સ્વસંવેદન વધ્યું, મને ફલાણું થયું એ કોઈ રસ આવતો નથી. અવિકારનો રસ નથી આવતો તો વિકારનો રસ આવવાનો તો પ્રશ્ન જ રહેતો નથી. આમ છે.

**'આ તો ત્રણલોકના નાથની વાણી છે.'** આ જે પરમાગમના રહસ્યભૂત... 'પ્રવચનસાર' ચાલે છે ને? પરમાગમના રહસ્યભૂત બાર અંગના સારરૂપ જે વાણી છે એ ભગવાનની દિવ્યધ્વનિના સારરૂપ છે, એમ કહે છે. અનેક વાર પોતે કહ્યું છે કે અહીંયાં જે કહેવાય છે, દિવ્યધ્વનિમાં ભલે ગમે તેટલો વિસ્તાર આવ્યો છે પણ એનો સાર અહીંયાં કહેવાય છે. જે મૂળ સારની વાત છે એ અનુભવસિદ્ધપણે પ્રસિદ્ધ કરવામાં આવે છે. બાર અંગનો સાર શું? કે શુદ્ધાત્માનો નિર્વિકલ્પ અનુભવ. શુદ્ધોપયોગ થાય તે બાર અંગનો સાર છે. એ શુદ્ધોપયોગ કેમ થાય? એની રીતને—વિધિને કહેવામાં આવે છે એટલે બાર અંગનો સાર કહીએ છીએ એમ કહે છે.

**'આ તો ત્રણલોકના નાથની વાણી છે.'** ભગવાન આમ કહેતા હતા. સમવસરણમાં મહાવિદેહક્ષેત્રમાં પોતાની ઉપસ્થિતિ હતી ત્યારે ભગવાન આમ કહેતા હતા એમ કહે છે. એ અમે જે ત્યાં સંસ્કાર લીધા છે એ અહીંયાં અનુભવથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. ત્યાં 'ફતેહમંદકુમાર' કરીને એમનું નામ હતું. 'ફતેહમંદકુમાર'. અને અધ્યાત્મનો ઘણો રસ હતો. ત્યાં ભગવાનની વાણીમાં અનેકવિધ વિષય આવે, એમાં અધ્યાત્મ વિષય મુખ્યપણે આવે. બીજી દુનિયાભરના વિષયની વાતો આવી જાય. જેમાંથી આ બાર અંગની રચના થાય છે. અગિયાર અંગ અને ચૌદ પૂર્વની જે રચના થાય છે એ તો વાણીના અનંતમા ભાગે છે.

કેવળજ્ઞાનમાં લોકાલોકનું જે ત્રણ કાળનું જ્ઞાન છે એના અનંતમા ભાગે વાણીમાં પ્રસિદ્ધ થાય છે, એના અનંતમા ભાગે અગિયાર અંગ અને ચૌદ પૂર્વની અંદર સંકલન થાય છે. વાણીમાં અક્ષરાત્મકપણે ગૂંથાય છે એ એના અનંતમા ભાગે છે. અત્યારે તો એમાંથી બહુ ઓછું રહી ગયું છે. હજારમા ભાગે. એના બધા સહસ્રાંશ છે. પણ છતાં સાર રહી ગયો છે. મૂળ જે બારે અંગનો સાર છે એ રહી ગયો છે. ત્યાં અધ્યાત્મનો ઘણો રસ હતો, ભાઈ! સાંભળવા જતા હતા પણ અધ્યાત્મ વિષયનો રસ ઘણો હતો. એટલે અહીંયાં મુખ્ય વિષય અધ્યાત્મનો ચાલ્યો છે.

જ્યારે 'બહેનશ્રી'નો 'વચનામૃત' ગ્રંથ બહાર પડ્યો ત્યારે એ બોલ્યા છે કે આ દિવ્યધ્વનિ છે. કેમકે ત્યાં એમણે પણ સાંભળ્યું છે ને! પાછું અહીંયાં અનુભવસિદ્ધ કર્યું. અહીંયાં આવીને જે સાંભળ્યું હતું, જે સંસ્કાર લઈને આવ્યા હતા, જે અધ્યાત્મતત્ત્વનો રસ લીધો હતો ત્યાં, એ અહીંયાં અનુભવસિદ્ધ કર્યો. એટલે એ બધું અંદરથી ચાલ્યું આવ્યું, ધારા ફૂટી. એટલે એમ કહે છે કે આ દિવ્યધ્વનિ છે. ભગવાનની દિવ્યધ્વનિનો જે વિષય છે એ જ આ વાણીનો વિષય હોવાથી એને દિવ્યધ્વનિ કહેવામાં આવે છે.


'આ તો ત્રણલોકના **નાથની વાણી છે. અનંતકાળમાં જે નથી કર્યું...**' આ જીવે ચાર ગતિમાં રખડતા, અનેક ધર્મસ્થાનમાં જતાં અને ધર્મની માનેલી પ્રવૃત્તિ કરવા છતાં, પૂર્વના '**અનંતકાળમાં જે નથી કર્યું તેની વિધિની આ રીત છે.**' કઈ રીતે આ કાર્ય થાય છે? એ વિધિ, એ રીત અહીંયાં આ ગાથામાં દેખાડવામાં આવી છે. જ્યારે મન દ્વારા, વિકલ્પ દ્વારા સમજણ કરવાનો પ્રસંગ છે, ત્યારે ભગવાન અરિહંત પરમાત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપને તું ઓળખ. એવા જ દ્રવ્ય-ગુણ-પર્યાય આ આત્માના છે એમ તું ત્યાંથી લક્ષને ફેરવીને પોતા ઉપર વાતને લક્ષમાં લે. મેળવણી કરતા, પોતાની સાથે મેળવણી કરતા ઉપયોગની દિશા પલટે છે. મેળવણી તો પોતાથી કરવાની છે ને? એટલે ત્યાં ભલે અરિહંતનું પરદ્રવ્ય દૃષ્ટાંત રૂપે લીધું, છતાં મેળવણી પોતાના સ્વદ્રવ્ય સાથે કરવી છે. એટલે પોતાની સાથે મેળવણી કરતાં ત્યાં ઉપયોગની દિશા પર તરફની છે એ પલટીને સ્વ તરફની દિશા કરાવવી છે. એવી જે અંતર્મુખ થવાની વિધિ છે, રીત છે એ અનંત કાળમાં આ જીવે રીત અને વિધિ પકડી નથી.

જુઓ! આત્માનું સ્વરૂપ સાંભળવાનો પ્રસંગ નથી બન્યો એમ ન કહ્યું. તને તીર્થંકર મળ્યા, સમવસરણ મળ્યું અને આત્માનું સ્વરૂપ તેં સાંભળ્યું, જ્ઞાનીઓ મળ્યા અને આત્માનું સ્વરૂપ તેં સાંભળ્યું. બાકી શું રહ્યું? કે એ સ્વરૂપ ગ્રહણ કરવાની જે વિધિ છે, રીત છે એ અનંત કાળમાં નથી કર્યું. સાંભળ્યું તો છે, સાંભળવા સુધીનું કાર્ય કર્યું છે.

મુમુક્ષુ :- મુનિ થયો અનંત વાર.

પૂજ્ય ભાઈશ્રી :- મુનિ થઈ ગયો. બહારમાં બાહ્ય પદાર્થને આશ્રયે અનેક પ્રકારના વિધવિધ પ્રકારના વિભાવભાવોને છોડવા માટે ત્યાગમાં એ દિગંબર મુનિ થઈ ગયો એટલો ત્યાગ કર્યો. ત્યાગમાં ત્યાં સુધી આગળ વધ્યો. પણ અંદરમાં રાગનો ત્યાગ સમ્યક્ પ્રકારે ન થાય, રાગ રહિત એવા તત્ત્વના અવલંબને અને આધારે જ્યાં સુધી રાગનો અથવા અધ્યાસનો ત્યાગ ન થાય અથવા જ્યાં સુધી યથાર્થ વિધિનું ગ્રહણ ન થાય, ત્યાં સુધી કાંઈ કામમાં આવતું નથી. બધું નિષ્ફળ જાય છે. એ આ ગાથાની અંદર વિધિનો મુખ્ય વિષય છે. ૧૩૪ (બોલ પૂરો) થયો.

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૫ B



પ્રશ્ન :- જ્ઞાનનો જે જાણવાનો પ્રકાર છે એનો નિષેધ કરવામાં આવે તો એમાં લાભ શું થાય? કે નુક્સાન થાય?

ઉત્તર :- દૃષ્ટિનો જે વિષય છે એ બધાને ગૌણ કરે છે. એક પારિણામિકભાવને જ ગ્રહણ કરે છે દૃષ્ટિના વિષયમાં. એકને, મુખ્ય એકને ગ્રહણ કરે, બીજું બધું ગૌણ કરે છે. અને જ્ઞાન છે એ પોતે અખંડને ગ્રહણ કરે છે અને જે ભેદ હોય એને ગ્રહણ કરે છે. હવે એનો જો નિષેધ, જ્ઞાનનો નિષેધ જ કરે એકલી દૃષ્ટિને રાખે તો દૃષ્ટિ સમ્યક્ હોઈ શકતી નથી. દૃષ્ટિની સાથે જ્ઞાન હોય તો જ દૃષ્ટિ સમ્યક્ હોય છે. દૃષ્ટિ સાથે જ્ઞાન હોય તો સાધના થઈ શકે છે. દૃષ્ટિની મુખ્યતાથી સાધના થાય પણ જ્ઞાન જો એ રાખે નહિ અને એકલી દૃષ્ટિ, એકલી દૃષ્ટિ હોય શકે જ નહિ. એકલી દૃષ્ટિ હોય તો દૃષ્ટિ સમ્યક્ જ ન હોય. દૃષ્ટિ મિથ્યા થાય છે. એને નુક્સાન એ થાય છે.

લાભ એ થાય છે કે દૃષ્ટિ સમ્યક્ હોય એની સાથે જ્ઞાન સમ્યક્ હોય તો એની સાધના પણ સમ્યક્ પ્રકારે યથાર્થ થાય છે. જો જ્ઞાનનો તદ્દન નિષેધ કરે તો દૃષ્ટિની સમ્યક્તા રહી શકતી નથી. દૃષ્ટિ સાથે જ્ઞાન હોય, જ્ઞાન સાથે દૃષ્ટિ હોય. બે સાથે હોય તો જ બે સમ્યક્ હોય છે. એકલી દૃષ્ટિ હોય તો એકાંત મુખ્ય એક દ્રવ્ય જ છે અને પર્યાય કાંઈ છે જ નહિ કે દૃષ્ટિ અપેક્ષાએ આત્મા પૂર્ણ છે. આત્મામાં કાંઈ વિભાવ નથી, આત્મામાં કોઈ ભેદ નથી, એ દૃષ્ટિ તો એક અસ્તિત્વ પોતાનું હોય એને જ ગ્રહણ કરે છે. બીજા કોઈ અંદર જે પ્રકારો અનેક જાતનો આત્મા અનેકાંતમય અનંત ધર્મોથી, અનંત ગુણોથી ભરેલી છે. એ કોઈના ભેદ દૃષ્ટિમાં આવતા નથી. દૃષ્ટિ તો એકને જ ગ્રહણ કરે છે. એક મુખ્ય અને બીજા બધાનો નિષેધ કરે તો એવું વસ્તુનું સ્વરૂપ હોઈ શકતું નથી. વસ્તુનું સ્વરૂપ યથાર્થ રીતે સાધી શકાતું નથી તો દૃષ્ટિ પણ સમ્યક્ નથી. એનો નિષેધ કરે તો દૃષ્ટિ પણ ખોટી છે.

અને જ્ઞાન સમ્યક્ ક્યારે હોય? કે જ્ઞાન અભેદને ગ્રહણ કરે, દૃષ્ટિનો જે વિષય છે એવું જ જ્ઞાન ગ્રહણ કરે અને જ્ઞાન પર્યાયને ગ્રહણ કરે, જ્ઞાન દ્રવ્યને ગ્રહણ કરે, જ્ઞાન અધૂરી-પૂરી પર્યાયને ગ્રહણ કરે અને જ્ઞાન શાશ્વત દ્રવ્ય છે એમાં કોઈ વિભાવ નથી, આત્મામાં કોઈ ભેદ નથી એ બધું જ્ઞાન ગ્રહણ કરે છે. માટે જ્ઞાન બેય પડખાને ગ્રહણ કરે તો જ્ઞાન સમ્યક્ છે અને એની સાથે રહેલી દૃષ્ટિ પણ સમ્યક્ છે. એકલી દૃષ્ટિ રાખીને જ્ઞાન કાઢી નાખે તો દૃષ્ટિ સમ્યક્ નથી. ખોટું થાય છે—એકાંત થાય છે. બેય પડખા જો જ્ઞાન સાથે ન હોય તો દૃષ્ટિ ખોટી થાય છે. નુક્સાન છે. સાધના થતી નથી. મોક્ષમાર્ગ પ્રગટ થતો નથી, મુક્તિની પર્યાય થાતી નથી, કાંઈ થાતું નથી. એની સાધના યથાર્થ હોતી નથી.

એમ કર્યા કરે (કે) આત્મા તો એક પારિણામિકભાવ છે, આત્મા તો શાશ્વત છે, આત્મામાં કાંઈ

નથી. આ વિભાવ છે એ જડના છે. આત્મા તો જ્ઞાયક છે. આત્મા એક જાણનાર એમાં કાંઈ છે જ નહિ... કાંઈ છે જ નહિ... એમ કર્યા કરે પણ સાધના અંદરથી ભેદ પાડીને અંદર નિરાળો થાય ત્યારે યથાર્થ થાય. નિરાળો થયા વગર આશ્રય જ ક્યાંથી થાય? નિરાળો અંદર થાય તો આત્માનો આશ્રય આવે અને તો એમાં પર્યાયની શુદ્ધિ હોય. નિરાળો થયા વગર એમ એમ કર્યા કરે તો ખોટું છે.

પ્રશ્ન :- નિરાળો થવામાં જ્ઞાન વિશેષ કાર્ય કરે છે, બીજા ગુણ કરતા.

ઉત્તર :- દૃષ્ટિ મુખ્ય અને જ્ઞાન પણ સાથે (હોય), બેય સાથે રહે છે. બેયની અપેક્ષાએ બેય હોવા જોઈએ. બેય સાથે હોય તો થાય. જ્ઞાન પણ મુખ્ય, દૃષ્ટિ પણ મુખ્ય, બેય સાથે હોય છે. વસ્તુસ્વરૂપ જાણવામાં પહેલા જ્ઞાન આવે છે અને જ્ઞાન યથાર્થ જાણે, દૃષ્ટિ પ્રગટ થાય એટલે સાધનામાં દૃષ્ટિ મુખ્ય કામ કરે પણ એ દૃષ્ટિ કેવી? જ્ઞાનસહિતની દૃષ્ટિ. એ દૃષ્ટિ એવી હોય, જ્ઞાનસહિતની દૃષ્ટિ. એકલી જ્ઞાન વગરની દૃષ્ટિ એ દૃષ્ટિ યથાર્થ નથી. ખોટું છે.

પ્રશ્ન :- એટલે નિર્વિકલ્પદશા હોય કે સવિકલ્પદશા હોય, બેય વખતે આવી જ પરિસ્થિતિ હોય છે?

ઉત્તર :- નિર્વિકલ્પદશામાં દૃષ્ટિ મુખ્ય રહે છે અને જ્ઞાન બધું જાણે છે. જ્ઞાન પોતે જે અભેદ એક વસ્તુ છે એને પણ જાણે છે અને પર્યાયનું વેદન પણ જ્ઞાન જાણે છે. બેય નિર્વિકલ્પદશામાં જ્ઞાન જાણે છે. અને દૃષ્ટિ એક અભેદને ગ્રહણ કરીને નિર્વિકલ્પપણે દૃષ્ટિ એ રીતે પરિણમી રહી છે. જ્ઞાન પણ સહજ પરિણમી રહ્યું છે વગર વિકલ્પે. પર્યાયનું વેદન છે અને દ્રવ્ય જેમ છે એમ બધું જ્ઞાનમાં સહજ જણાય છે વિકલ્પ વગર. અને બહાર આવે તોપણ એની સાધનામાં દૃષ્ટિ એક દ્રવ્યને મુખ્ય રાખે છે. એક શાશ્વત દ્રવ્ય જેમાં કોઈ પર્યાયનો ભેદ નથી, કોઈ સાધનાની પર્યાયનો ભેદ નથી, કોઈ ભેદ નથી એવી રીતે દૃષ્ટિ એક મુખ્ય દ્રવ્યનો આશ્રય કરે છે. અને એની સાથે જ્ઞાન વિવેક કરે છે કે હું જુદો છું, આ વિભાવ મારું સ્વરૂપ નથી, મારું સ્વરૂપ આ છે. નિશ્ચયથી એક દ્રવ્ય શાશ્વત છે એને જાણે છે, ભેદજ્ઞાન કરે એને જાણે છે, જ્ઞાન બધું જાણે છે. જ્ઞાન, દૃષ્ટિ એની સાથે પરિણતિ એવી રહે છે. ભેદજ્ઞાનની અંશે પરિણતિ સમ્યગ્દર્શનમાં જુદી રહે છે. એટલું સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટે છે. અનંતાનુબંધી કષાય ટળે છે. જે એકલી દૃષ્ટિ-દૃષ્ટિ એમ કર્યા કરે, જ્ઞાનનો તદ્દન નિષેધ કરે છે તો દૃષ્ટિ ખોટી છે. યથાર્થ નથી.

પ્રશ્ન :- માતાજી! નિર્વિકલ્પ વખતે પુરુષાર્થગુણની પ્રધાનતાથી પૂર્ણરૂપે જાણે કે અધૂરારૂપે જાણે? પુરુષાર્થગુણની મુખ્યતાથી નિર્વિકલ્પદશાના કાળમાં...

ઉત્તર :- પુરુષાર્થગુણની?

પ્રશ્ન :- પુરુષાર્થને પૂર્ણપણે જાણે કે અધૂરાપણે જાણે?

ઉત્તર :- જેમ છે એમ જાણે. જેમ દ્રવ્ય વસ્તુસ્થિતિ (છે) એમાં કોઈ વિભાવ નથી, એમાં કાંઈ નથી. વસ્તુસ્થિતિ એમ છે. અને નિર્વિકલ્પદશા અંશે પ્રગટ (થાય). જેમ છે એમ જાણે, વિકલ્પ નથી એને. નિર્વિકલ્પપણે અધૂરાને અધૂરું જાણે છે. દ્રવ્ય અપેક્ષાએ પૂર્ણ છે એમ જાણે છે. પૂર્ણ એટલે? કે દ્રવ્યમાં કોઈ વિભાવ નથી, દ્રવ્ય એક શુદ્ધ છે એમ જાણે છે. પૂર્ણ એટલે પર્યાયમાં પૂર્ણ નથી. જેમ છે એમ જાણે છે, જેમ છે એમ એને વેદન છે. ખોટું જરાય જ્ઞાનમાં હોતું નથી. (ખોટું જાણે)

તો જ્ઞાન સમ્યક્ નથી. જેમ છે એમ જ્ઞાન બરાબર જાણે છે. જેટલું છે એટલું જાણે છે. જે ભૂમિકાએ છે એમ જાણે છે. જ્ઞાન એક વિવેક કરનાર તુલનાત્મક છે. જેમ હીરાને તોળાય એમ જ્ઞાન (તોળે છે). એ તો એક સ્થૂળ છે. જ્ઞાન બરાબર જેમ છે એમ જાણનારું છે.

પ્રશ્ન :- ત્રાજવાના કાંટાની જેમ?

ઉત્તર :- હા. એમાં ભૂલ થાય તો બધી ભૂલ છે. આશ્રય દ્રવ્યનો દૃષ્ટિમાં છે. વિચાર કરીને નિર્ણય જે કર્યો અને દૃષ્ટિએ જે દ્રવ્યનો આશ્રય લીધો એ આશ્રય એનો એમ ને એમ રહે છે. એ આશ્રય કોનો લીધો છે? અને એ વસ્તુ કેવી છે અને કેવા સ્વરૂપે છે? એ બધું જ્ઞાન જાણે છે. એ વસ્તુ પૂર્ણપણે કેવી છે? અધૂરું કેટલું છે અને પૂરું કેમ થાય છે અને પૂરાની સ્થતિ શું હોય? અધૂરાની શું હોય? એ બધું જ્ઞાન એ સાધકદશામાં જાણે છે.

પ્રશ્ન :- દૃષ્ટિ-દૃષ્ટિ આપ કહો છો પણ દૃષ્ટિનું શું રૂપ એ કંઈ સમજાતું નથી. જ્ઞાન તો બરાબર છે. ખ્યાલમાં આવે છે, આ જ્ઞાનના બધા પડખાથી વાત કરો છો. પણ દૃષ્ટિ આ પ્રમાણે એકને સ્વીકારે છે, એક અસ્તિત્વને જ ગ્રહણ કરે. પણ દૃષ્ટિ શું એ જ હજુ બરાબર કોઈને ખ્યાલ નથી આવતો.

ઉત્તર :- એક ધ્યેય રાખ્યું છે. દ્રવ્યનો આશ્રય લીધો છે. એ તો દૃષ્ટાંતમાં શું હોય કે કોઈ માણસ કાર્ય કરતો હોય એને ધ્યેય એક હોય કે મારે આ ધ્યેય. આ ગામ લક્ષમાં લીધું છે. તો ગામ જુદું અને એ બધું જુદું છે. તો એને ધ્યેય એક જ છે કે આ વસ્તુ છે, દ્રવ્ય આ છે, દ્રવ્યને પોતે એની દૃષ્ટિમાં લઈને એનું દૃષ્ટિ બિંદુ બરાબર દ્રવ્ય ઉપર છે. હાથમાં એ લીધું છે અને કાર્ય આ દ્રવ્યમાં જે અશુદ્ધિ પર્યાય અપેક્ષાએ છે એ પૂરી કરવાની છે જ્ઞાનમાં એમ છે.

કાર્ય કરતો માણસ એનું ધ્યેય આ કાર્યનો હેતુ શું છે એની દૃષ્ટિએ દ્રવ્ય ઉપર બરાબર આશ્રય લીધો છે. ઓલું તો દૃષ્ટિબિંદુ બહારનું છે બધું. આ તો એક વસ્તુને હાથમાં લીધી છે કે આ વસ્તુ મૂળ સ્વભાવે તો પૂર્ણ છે પણ એને સાધવી છે પર્યાયમાં ... છે. પાણીનો સ્વભાવ શીતળ છે પણ એની શીતળતા કેમ પ્રગટ કરવી એ કાર્ય જ્ઞાનમાં લીધું છે અને એ કાર્ય જ્ઞાનમાં લઈને પછી ક્રિયામાં એ પરિણતિમાં એ પ્રકારે કરે છે. જ્ઞાન જાણે છે. પરિણતિ પુરુષાર્થ એ રીતે પોતે વાળે છે પોતા તરફ અને પ્રયોગથી પાણીને શીતળ છે, કાદવથી મેલું છે એને ચોખ્ખું કરવું છે પણ સ્વભાવે નિર્મળ છે. પાણી ઉપર દૃષ્ટિ. એમ આ વસ્તુ. એ તો પાણી જુદું થયું. આ તો એક વસ્તુ છે. એ વસ્તુને જાણી લીધી. વસ્તુને હાથમાં લીધી છે. દૃષ્ટિમાં એટલે એના દૃષ્ટિબિંદુમાં એ ગ્રહણ કરી લીધું છે કે આ જ વસ્તુ છે. પોતે જ છે, પોતે કાંઈ જુદો નથી.

એ જો એને દૃષ્ટિમાં આવ્યું ન હોય એ એટલો નિશ્ચય નક્કી છે કે આ જ દ્રવ્ય છે અને આ જ વસ્તુ છે. આ વસ્તુને ગ્રહણ કરીને પોતે આગળ કાર્ય કરે છે જ્ઞાનમાં જાણીને. એની પૂર્ણતા, અધુરાશ અને શુદ્ધતા એ બધું જ્ઞાનમાં એ બરાબર એને તોળીને બધું જાણે છે. એ પ્રમાણે એનું કાર્ય થાય છે. દૃષ્ટિ એટલે એક ધ્યેય ગ્રહણ કર્યું છે—આત્માને હાથમાં લીધો છે. સ્ફટિક હોય, કોઈ વસ્તુ હોય એની નિર્મળતા કેમ થાય? કોઈ વસ્તુ મલિન થઈ હોય એની નિર્મળતા (કેમ થાય)? કપડું મેલું છે એને ધોવાનું (છે). કપડું સ્વભાવે નિર્મળ છે, એવી રીતે પોતે જ છે. આ તો બહારના દૃષ્ટાંત છે.

પ્રશ્ન :- એવી રીતે દ્રવ્યને અથવા દ્રવ્યભાવને...

ઉત્તર :- પોતે ગ્રહણ કર્યો. એના ઉપર દૃષ્ટિને સ્થાપી દીધી છે કે આ વસ્તુ છે. હવે એનો સ્વભાવ તો પૂરેપૂરો શીતળ અને પૂરેપૂરો જ્ઞાનથી ભરેલો, આનંદથી ભરેલો પૂરેપૂરો છે. એમાં એના મૂળમાં એને કાંઈ અશુદ્ધતા કે એના મૂળમાં કોઈ ઉષ્ણતા કે આકુળતા નથી. મૂળ એનું અંતઃતત્ત્વ જે મૂળ તો શુદ્ધ છે. પણ એને પ્રગટ શુદ્ધતા કરવા માટે કઈ અપેક્ષાએ અશુદ્ધતા છે એ જ્ઞાન બધું જાણે છે. જ્ઞાન શુદ્ધતાને જાણે છે, જ્ઞાન અશુદ્ધતાને (જાણે છે). બેયને જાણે છે. એ પ્રમાણે કાર્ય પોતે પુરુષાર્થથી પોતા તરફ ભેદજ્ઞાન કરીને વળે છે. ભેદજ્ઞાન દ્વારા વિભાવથી ન્યારો થાય છે. હું જુદો છું એનાથી. એ એનાથી ન્યારો થાય છે અમુક પ્રકારે. પછી વિશેષ થાતો જાય છે. ગૃહસ્થાશ્રમમાં અમુક પ્રકારે ન્યારો થાય છે. દૃષ્ટિ અપેક્ષાએ ન્યારો છે કે હું તો આ જ છું, આ હું નથી. જેટલું પોતાનું આલંબન આવ્યું એટલો ન્યારો થઈ ગયો છે.

પ્રશ્ન :- જે જ્ઞાનમાં આ અશુદ્ધતા ખ્યાલમાં આવી કે આ અશુદ્ધતા છે, મારું પૂરેપૂરું સ્વરૂપ આ છે. એમ જે જ્ઞાનમાં અશુદ્ધતા પણ જણાણી તેને પછી અશુદ્ધતા રહે શા માટે?

ઉત્તર :- એ જાણ્યા ભેગું જાણે એટલે કાર્ય થઈ જાતું નથી. આ શુદ્ધતા છે, આ આશુદ્ધતા છે. મારો સ્વભાવ શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા (છે એમ) જાણ્યું. જાણ્યું એટલે એ જાણવાની સાથે કાર્ય ન થાય. એને પરિણતિ પ્રગટ (થઈ છે). અમુક પ્રકારે છૂટો પડે છે. એણે જાણ્યું એવું યથાર્થ જાણ્યું છે. દૃષ્ટિ પોતે આત્માનો આશ્રય લઈને અને આ આત્મા છે એ આત્માનો આશ્રય લઈને જાણ્યું છે બરાબર. એટલે અમુક પ્રકારે ન્યારો થાય છે. એમ જાણવાની સાથે અમુક કાર્ય થઈ જાય છે. પણ વિશેષ કાર્ય કરતા વાર લાગે છે.

જાણવાની સાથે તરત જ પોતે અંદરમાં ઠરી જાય એ તરત થાતું નથી. એને લીનતા થતા વાર લાગે છે. એટલે ગૃહસ્થાશ્રમમાં હોય છે. પછી એને વિશેષ પુરુષાર્થ થાય. એને પહેલા ત્યાગ થઈ ગયો અંતરમાંથી કે આ બધું મારો સ્વભાવ નથી. આ ક્યારે છૂટી જાય, ભાવના એવી છે. પણ પુરુષાર્થ એટલો ઉપડતો નથી. પછી એને જાણવાથી તરત થઈ જાતું નથી. પાછળ એને ચારિત્રદશા અંતરની પછી બહાર આવે છે. અને બહારથી એ પ્રમાણે શુભભાવો એની સાથે હોય છે. એટલે એવો ત્યાગ થાય છે એને સંબંધવાળો. પછી લીનતા વધતા... વધતા... વધતા... ચારિત્રદશા અંતરમાં થાય એટલે વધી જાય છે.

એકલું જ્ઞાનમાત્રથી એમ કહેવાય છે એ જ્ઞાન કઈ જાતનું? કે જ્ઞાન આ લીનતાપૂર્વકનું બરાબર છે. લીનતાપૂર્વકનું જ્ઞાન હોય તો એ જ્ઞાનમાત્રથી થઈ જાય છે. મોક્ષ થાય. ભેદજ્ઞાનથી સિદ્ધિ થાય એમ કહે. પણ એ જ્ઞાન ભેદજ્ઞાનની ઉગ્રતા, એ ઉગ્રતામાં શું ચારિત્ર અંદર ભેગુ આવી જાય છે. એમ. આ જાણવામાત્રથી લીનતા આવી નથી જાતી.

પ્રશ્ન :- જે જ્ઞાનમાં અશુદ્ધતા–અશુદ્ધતારૂપે જણાણી અને આ રાખવાની–રહેવાની નથી, આ મારું સ્વરૂપ નથી એમ પણ જ્ઞાને નક્કી કર્યું. તોપણ આ અશુદ્ધતા એટલું ચારિત્ર તો એને થયું છે?

ઉત્તર :- થોડું તો થયું છે.

પ્રશ્ન :- તો પછી ફરીથી એવા રાગમાં શા માટે ફસાય?

ઉત્તર :- એ એના પુરુષાર્થની મંદતા છે. એને એમ થાય છે કે આ ક્ષણે છૂટી જાય તો મારે આ કાંઈ નથી જોઈતું. પણ એટલો પુરુષાર્થ એનો થઈ શકતો નથી. એકદમ એવી જોરદાર એવી પુરુષાર્થની ઉગ્રતા થાતી નથી. શ્રદ્ધાન થયું, જ્ઞાન થયું, જાણ્યું, અમુક પ્રકારે ન્યારો થયો, સ્વાનુભૂતિ થઈ, બહાર આવ્યો, ભેદજ્ઞાનની ધારા વર્તે (છે), જુદો છું... જુદો છું... એવી પરિણતિ સહજ ચાલે છે. દરેક કાર્યમાં જોડાય તોપણ પોતે જ્ઞાતા રહે છે—જાણનાર રહે છે. અંતરથી એક થતો નથી. એવું જોરદાર ચાલે છે તોપણ જેટલો જોઈએ એટલો પુરુષાર્થ ચાલતો નથી, થાતો નથી. એ બધા અમુક જાતના જે રાગ છે, એ વિભાવો છે એ એકદમ એના પુરુષાર્થની મંદતાને કારણે છૂટી શકતા નથી. એમાં જોડાવા જેવું નથી એમ માને છે. તોપણ પુરુષાર્થની મંદતાને લઈને જોડાય રહે છે. કોઈને એક ક્ષણમાં થઈ જાય છે અંતર્મુહૂર્તમાં શિવભૂતિ મુનિને, એ જુદી વાત છે. બાકી દરેકને એમ થાતું નથી. પુરુષાર્થની મંદતા રહે છે એટલે ક્રમે ક્રમે થાય છે.

મુનિદશા આવે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હોય તો એ કોઈને તરત કેવળજ્ઞાન થાય છે, કોઈને અમુક ટાઈમે થાય છે. ગૃહસ્થાશ્રમ છૂટી ગયો, મુનિદશા આવી, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હોય છે તોપણ કોઈ તરત શ્રેણી માંડી દે છે, કોઈને વાર લાગે છે. પુરુષાર્થનું કારણ છે. બીજું કાંઈ કારણ નથી. એમાં કર્મ તો નિમિત્તમાત્ર છે. પોતાના પુરુષાર્થની મંદતા છે. અંદર ખેદ રહે છે તોપણ સમજે છે કે મારા પુરુષાર્થની મંદતા છે. (પ્રશમમૂર્તિ ભગવતીમાતનો જય હો!)

## ધાર્મિક કાર્યક્રમ

સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના વાર્ષિક સમાધિદિન પ્રસંગે ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમ નિમ્ન સ્થળે આયોજિત કરવામાં આવેલ છે. ચૈત્ર સુદ ૩, શુક્રવાર તા. ૨૭-૩-૨૦૨૦ થી ચૈત્ર સુદ ૫, રવિવાર તા. ૨૯-૩-૨૦૨૦ પર્યંત જિનમંદિરમાં મંડલ વિધાન રાખવામાં આવેલ છે. તથા 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં પ્રાતઃ સાત થી આઠ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું સી.ડી. પ્રવચન, બપોરે ચાર થી પાંચ ગુણાનુવાદ તથા રાત્રે આઠ થી નવ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું વિડીયો પ્રવચન તથા ભક્તિ રાખવામાં આવેલ છે. તા. ૨૯-૩-૨૦૨૦, ચૈત્ર સુદ પાંચમના દિવસે સવારે ચાર વાગે 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં ભક્તિ તથા બે મિનિટનું મૌન પાળવામાં આવશે. ત્યારબાદ સાત થી આઠ પ્રવચન અને તત્પશ્ચાત્ પૂજ્ય ભાઈશ્રીના સમાધિસ્થળે અડધી કલાક ભક્તિ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. આવનાર મુમુક્ષુ ભાઈ-બહેનોને વિનમ્ર સૂચન છે કે તેઓ આવવાની વિગત અગાઉથી જણાવે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર. ફોન : (૦૨૭૮) ૨૫૧૫૦૦૫.



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિનો વિષય સંબંધિત વચનામૃતો

હું તો ક્યારેય પણ ખસું નહીં, એવો ખૂટો છું. પરિણામ આવે છે અને જાય છે. પરંતુ હું તો ખૂંટાની જેમ અચલિત જ રહું છું. (૪૦)

***

હું તો અડગ છું, કોઈથી ડગવાવાળો નથી. જેમ આ દેહાકારમાં સ્થિત આકાશ અડગ છે, હાલતું ચાલતું નથી, તેમ હું પણ અડગ છું. (૫૦)

***

ચૈતન્ય ગાંસડી હું જ છું, એવી પક્કડ થઈ જવાથી મતિશ્રુતજ્ઞાન અંતરમાં ઢળી જાય છે. તેથી અંતરમાં ઢળવાનું (ઉપદેશમાં) કહેવામાં આવે છે. (૫૩)

***

હું વર્તમાનમાં જ સમજણનો પિંડ છું. (૫૪)

***

પ્રશ્ન : શાસ્ત્રમાં તો પ્રયત્ન કરવો, પ્રયત્ન કરવો તે વાત આવે છે?

ઉત્તર : પ્રયત્ન કરવાનું કહેવામાં આવે છે, પ્રયત્ન થાય પણ છે, પરંતુ પ્રયત્ન પણ છે તો પર્યાય! હું તો પર્યાયમાત્રથી ભિન્ન છું. પ્રયત્ન શું કરું! સહજરૂપ થાય છે. પ્રયત્ન વગેરેનું 'થવું' પર્યાયનો સ્વભાવ છે. હું તેમાં ન આવું છું, ન જાઉં છું, હું ત્રિકાળી છું, એવી દૃષ્ટિમાં પ્રયત્ન સહજ થાય છે. (૭૧)

***

આખી વસ્તુ (પ્રમાણનો વિષય) દેખાડવામાં, નિત્ય અને અનિત્ય દેખવામાં આવે છે. તેમાં અનિત્ય બીજાનું નથી એવું દેખાડવા માટે છે, પરંતુ દૃષ્ટિના વિષયમાં તો નિત્ય જ છું અને અનિત્ય મારાથી ભિન્ન જ છે. તેનો (ઉત્પાદ-વ્યયનો) ભાવ અને મારો (ધ્રુવનો) ભાવ વિરુદ્ધ છે. (૭૫)

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ફેબ્રુઆરી–૨૦૨૦)નું શુલ્ક શ્રી અતીન જૈન, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**